# ભૂતપૂર્વ પર્યાવરણ મંત્રી નટરાજના રાહુલ પર આક્ષેપ

નવી દિલ્હી, તા.૩૦

કેન્દ્ર સરકારના પૂર્વ પર્યાવરણ મંત્રી જયંતિ નટરાજને ચોંકાવનારો ખુલાસો કરતા રાજકીય પાર્ટીમાં ખળભળાટ મચી જવા પામ્યો છે. જયંતિ નટરાજને કોંગ્રેસના ઉપાધ્યક્ષ રાહુલ ગાંધી પર ગંભીર આક્ષેપો કરતા જણાવ્યું હતું કે, હું જ્યારે પર્યાવરણ મંત્રી હતી ત્યારે મારા પર રાહુલ ગાંધીએ કેટલાક પ્રોજેક્ટો અંગે ખાસ દબાણ કર્યું હતું.એક અંગ્રેજી અખબારના જણાવ્યા અનુસાર, ગત નવેમ્બર મહિનામાં પૂર્વ પર્યાવરણ મંત્રી જયંતિ નટરાજને કોંગ્રેસ અધ્યક્ષા સોનિયા ગાંધીને એક પત્ર લખ્યો હતો. જેમાં નટરાજને આરોપ લગાવ્યો હતો કે, પાર્ટીના જ કેટલાક લોકો મીડિયાના માધ્યમથી તેમની સામે ખોટા દાવા કરી રહ્યા છે. નટરાજને શુક્રવારે બપોરે ચેન્નાઈમાં એક પત્રકાર પરિષદને સંબોધતા જણાવ્યું હતું કે, તેઓ હવે પોતાના પદ પરથી રાજીનામું આપશે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, પાર્ટીએ મને મોદી પર સ્નૂપગેટ અંગે વ્યક્તિગત પ્રહારો કરવા પણ કહેવામાં આવ્યું હતું. સાથે જ જંયતિ નટરાજને વર્તમાન એનડીએ સરકારના વખાણ પણ કર્યા હતા. તેમણે જણાવ્યું હતું કે, વર્તમાન મોદી સરકારની દરેક ફાઈલોને ચેક કરવાની બાબતનો હું સ્વાગત કરું છું. નટરાજને કહ્યું હતું કે, કોંગ્રેસ હવે તે પાર્ટી નથી રહી જેમાં હું જોડાઈ હતી. તેમણે પત્રકાર પરિષદને સંબોધતાં જણાવ્યું હતું કે, ચાર પેઢીથી અમારો પરિવાર કોંગ્રેસ સાથે જ સંકળાયેલો રહ્યો છે અને કોંગ્રેસ એ અમારા લોહીમાં વણાઈ ચુક્યું છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, કોંગ્રેસે જ મને દેશની સેવાની તક આપી હતી. પરંતુ હવે તે એ કોંગ્રેસ નથી જેમાં હું જોડાઈ હતી. ઉલ્લેખનીય છે કે, પૂર્વ



પર્યાવરણ મંત્રી જયંતિ નટરાજને કોંગ્રેસ અધ્યક્ષા સોનિયા ગાંધીને એક પત્ર લખ્યોહતો. આ પત્રમાં નટરાજને રાહુલ ગાંધી પર ગંભીર આરોપો લગાવ્યા છે. તેમણે જણાવ્યું છે કે, યુપીએના શાસનકાળ દરમિયાન રાહુલ ગાંધી અને તેમના કાર્યકર્તાઓ દ્વારા તેમને કેટલાક પ્રોજેક્ટોના ક્લિયરન્સ સંબંધિત ભલામણો કરવામાં આવી હતી. પત્રમાં નટરાજને આરોપ લગાવ્યો હતો કે, પાર્ટીના જ કેટલાક લોકો મીડિયાનો ઉપયોગ કરીને તેમની સામે ખોટો પ્રચાર કરી રહ્યા છે. નટરાજનના જણાવ્યા મુજબ, આ પ્રચાર અભિયાન ત્યારથી શરૂ થયું જ્યારથી તેમણે રાહુલ ગાંધીએ સુચવેલ બાબતોને અવગણી પર્યાવરણના હિતમાં નિર્ણય લીધા હતા. નટરાજને વધુમાં લખ્યું છે કે, હું જ્યારે પર્યાવરણ મંત્રી હતી ત્યારે રાહુલ અને તેમના કર્મચારીઓ તરફથી કેટલાક પ્રોજેક્ટો અંગે ખાસ દબાણ કરાતું હતું. નટરાજને વધુમાં લખ્યું છે કે, તેમને મંત્રી પદેથી હટાવ્યાના એક દિવસ પછી રાહુલ ગાંધીના કાર્યાલય તરફથી મીડિયામાં એવો ભ્રામક પ્રચાર કરાયો હતો કે, તેમનું રાજીનામું પાર્ટીના કામ માટે નહતું. પરંતુ તેમણે અંગત કૌભાંડોના કારણે રાજીનામું આપ્યું છે.ઉલ્લેખનીય છે કે, જયંતિ નટરાજન યુપીએ સરકારના કાર્યકાળ દરમિયાન પર્યાવરણ મંત્રી તરીકે ફરજ બજાવી ચુક્યા છે. જોકે, પર્યાવરણ મંત્રી તરીકેના તેમના કાર્યકાળ દરમિયાન રાહુલ ગાંધી સાથે સતત અણબનાવ રહેતા હોવાના સમાચારો સામે આવતા હતા. જોકે, પાર્ટીના શિષ્તતાના નામે આ અણબનાવોને નજર અંદાજ કરાતા હતા. આ પહેલા પણ કોંગ્રેસી નેતાઓ રાહુલના નેતૃત્વને લઈ સવાલો ઉઠાવી ચુક્યા છે.

## જુદા જુદા ક્ષેત્રોમાં ૨૨ ટકા સુધી પગાર વધારો ઝીંકાશે

કોલકાતા,તા. ૩૦

ભારતમાં જુદા જુદા ક્ષેત્રોમાં વર્ષ ૨૦૧૫માં જોરદાર પગાર વધારો જોવા મળે તેવા સ્પષ્ટ સંકેત દેખાઈ રહ્યા છે. મોટાભાગના ક્ષેત્રો તેમના કુશળ કર્મચારીઓને જાળવી રાખવા ઉંચો પગાર વધારો કરે તેવા એંધાણ દેખાઈ રહ્યા છે. ઈ-કોમર્સમાં પગાર વધારો સૌથી જંગી જોવા મળે તેવા એંધાણ દેખાઈ રહ્યા છે. આ ક્ષેત્રમાં ૧૮થી ૨૨ ટકા સુધીનો પગાર વધારો રહેવાના સંકેત દેખાઈ રહ્યા છે. જ્યારે કેમિકલ્સમાં ૧૨.૩૦ ટકા સુધીનો પગાર વધારો થવાના એંધાણ દેખાઈ રહ્યા છે. ટોપ પર્ફોમર્સને સૌથી વધારે ફાયદો થઈ શકે છે. એફએમસીજી, ઓઈલ એન્ડ ગેસ, ઈન્ડસ્ટ્રીયલ ચીજવસ્તુઓ, રિપેર, ટ્રાન્સપોર્ટ, ટેકનોલોજી સહિતના ક્ષેત્રોમાં ટોપ પર્ફોમરોને જાળવી રાખવા રેકોર્ડ વધારો કરવામાં આવે તેવા સંકેત દેખાઈ રહ્યા છે. અગ્રણી ટેલેન્ટ અને કમ્પેનસેશન કંપની દ્વારા કરવામાં આવેલા અંદાજમાં જણાવવામાં આવ્યું છે કે, ઈ-કોમર્સના સેક્ટરમાં સૌથી વધુ વધારો ઝીંકવામાં આવે તેવી વકી છે. અભ્યાસ કરનાર મોટાભાગની કંપનીઓ એમ પણ માને છે કે, ટોપ પરફોરમર્સને પગારમાં વધારો સરેરાશ વધારા કરતા બે ગણો મળી શકે છે. આની સાથે જ ૨૦ ટકાની આસપાસ વધારો મળી શકે છે. કંપનીઓ દ્વારા સરેરાશ લોકો કરતા સારો દેખાવ કરતા કર્મચારીઓને વધુ મોટી રાહતો આપવાની હિલચાલ દેખાઈ રહી છે. સર્વિસ જેવા ક્ષેત્રમાં પમ લોકોને જંગી ફાયદો થઈ શકે છે. પ્રાપ્ત અહેવાલ મુજબ ઈ-કોમર્સ સેક્ટરમાં ૧૮-૨૨ ટકા સુધીનો વધારો થઈ શકે છે. આઈટી ઈન્ડસ્ટ્રી પણ તીવ્ર વધારો કરી શકે છે. કન્ઝ્યુમર ડ્યુરેબલ્સ ઈન્ડસ્ટ્રીમાં સરેરાશ વધારો ૧૧.૯ ટકાની આસપાસ રહી શકે છે જે આ વર્ષના પગાર વધારાને યોગ્ય ગણવામાં આવે છે. ગયા વર્ષે પણ આટલો જ વધારો આક્ષેત્રમાં કરવામાં આવ્યો હતો. ઓટો મોટિવ ક્ષેત્રમાં પણ પગાર વધારો થશે પરંતુ અન્ય ક્ષેત્રોની સરખામણીમાં તેમાં ઓછો પગાર વધારો કરવામાં આવનાર છે. આ સેક્ટરમાં ગયા વર્ષે કરાયેલા ૧૦.૫ ટકાની સામે ૧૦ ટકા સુધીનો વધારો કરાય તેવી શક્યતા છે. બીજી બાજુ ટેલિકોમ સેક્ટર સાથે જોડાયેલા કર્મચારીઓને પણ ઓછો પગાર વધારો મળશે. ગયા વર્ષે સાત ટકાનો પગાર વધારો કરાયો હતો. જેની સામે આ વર્ષે પાંચ ટકાનો વધારો કરાય તેવી શક્યતા છે.

## ભારતને કચડી ઈંગ્લેન્ડ ત્રિ કોણીય વન-ડે શ્રેણીની ફાઈનલમાં

પર્થ, તા.૩૦

ઈંગ્લેન્ડે જેમ્સ ટેલર અને બટલરની શાનદાર ઈનિંગ્સની મદદથી કાર્લટન ત્રિકોણીય સિરીઝમાં શુક્રવારે રમાયેલી દિલધડક મેચમાં ભારતને સાત વિકેટે હરાવી ફાઈનલમાં સ્થાન મેળવી લીધું છે. હવે ઈંગ્લેન્ડ અને ઓસ્ટ્રેલિયા વચ્ચે રવિવારે ફાઈનલ મેચ રમાશે. ભારત તરફથી મળેલ ૨૦૧ રનના લક્ષ્યાંકનો પીછો કરતાં એક સમયે ઈંગ્લેન્ડે માત્ર ૬૬ રને પોતાની પાંચ વિકેટો ગુમાવી દીધી હતી. જેથી ભારતને આશા હતી કે,ભારતીય બોલર ઈંગ્લેન્ડના ખેલાડીઓને માત આપી દેશે. પરંતુ જેમ્સ ટેલર અને બટલરની છઠ્ઠી વિકેટની ભાગીદારીએ ભારતની આશા પર પાણી ફેરવી દીધું હતું. બટલર ૬૭ અને ટેલર ૮૨ રનની શાનદાર ઈનિંગ્સની મદદથી ઈંગ્લેન્ડ ફાઈનલ પહોંચવામાં સફળ રહ્યું હતું. જોકે, ૧૯૧ રનના સ્કોર પર ટેલર અને ૧૯૩ રનના સ્કોર પર બટલર આઉટ થતાં ફરી ભારત માટે જીતની આશાઓ સર્જાઈ હતી. જોકે, બ્રોડ અને વોક્સની જોડીએ ભારતીય બોલરોને સફળ થવા દીધા નહતા.



જેના કારણે, ઈંગ્લેન્ડની ટીમે ૪૭મી ઓવરમાં સાત વિકેટ ગુમાવી ૨૦૧ રન બનાવી જીત મેળવી લીધી હતી.

ઉલ્લેખનીય છે કે આ પહેલા, ઈંગ્લેન્ડના કેપ્ટન મોર્ગને આજે ટોસ જીતીને ભારતને બેટિંગ કરવાની તક આપી હતી. ઈંગ્લેન્ડની ટીમ કોઈ જ ફેરફાર વગર મેદાનમાં ઉતરી હતી. જ્યારે ભારતીય કેપ્ટન મહેન્દ્રસિંહ ધોનીએ ટીમમાં થોડાક ફેરફાર કર્યા હતા. ઓસ્ટ્રેલિયા સામે વરસાદને કારણે રદ થયેલી મેચમાં ઈશાંત શર્માનો ટીમમાં સમાવેશ કરવામાં આવ્યો હતો, પરંતુ આજે ઈંગ્લેન્ડ સામે રમાયેલી મેચમાં ઈશાંતને પડતો મુકીને અક્ષર પટેલને ટીમમાં સ્થાન અપાયું હતું. જ્યારે ધુરંધર ખેલાડી રોહિત શર્મા ઈજાગ્રસ્ત હોવાના કારણે શિખર ધવને પોતાનું સ્થાન જાળવી રાખ્યું હતું.આજે ભારત તરફથી ઓપનિંગમાં ઉતરેલ અજિંક્ય રહાણે અને શિખર ધવને મેચની શરૂઆત સારી કરાવી હતી. આ બન્ને ખેલાડીઓએ લાંબા સમય સુધી મેદાનમાં ઉભા રહીને પહેલી વિકેટની ભાગીદારીમાં ૮૩ રન કર્યા હતા. જ્યારે પહેલી વિકેટના રૂપમાં ધવન વોએક્સની બોલિંગમાં બટલરના હાથમાં કેચ આપી બેઠો હતો. ધવન ૬૫ બોલ કરી ૩૮ રને આઉટ થયો હતો.જ્યારે રહાણેએ ૧૦૧ બોલમાં ૭૩ રન બનાવ્યા હતા. જોકે, તે સિવાય કોઈપણ બેટ્સમેન લાંબા સમય સુધી મેદાન પર ટકી ન રહેતા ભારતની ટીમ ૪૮.૧ ઓવરમાં ૨૦૦ રન બનાવી ઓલઆઉટ થઈ હતી. ભારત તરફથી વિરાટ કોહલીએ ૮, રૈનાએ એક, રાયડુ ૧૨, ધોનીએ ૧૭ અને સામીએ ૨૫ રન બનાવ્યા હતા. ઈંગ્લેન્ડ તરફથી ફિને ત્રણ, જ્યારે વોક્સ, બ્રોડ અને મોહમ્મદ અલીએ બે-બે વિકેટો ઝડપી હતી. ભારત તરફથી સ્ટુઅર્ટ બિન્નીએ ત્રણ વિકેટ ઝડપી હતી. જ્યારે શર્માએ બે વિકેટ ઝડપી હતી.

## આજે દિલ્હીમાં મોદીની રેલી ૮૦ ફૂટનો મંચ તૈયાર કરાયો

નવી દિલ્હી, તા.૩૦

દિલ્હી વિધાનસભાની ચુંટણીને આડે હવે ગણતરીના દિવસો જ બાકી રહ્યા છે ત્યારે તમામ પાર્ટીઓ દ્વારા પ્રચાર અભિયાન તેજ બનાવી દેવાયું છે. ભાજપ દ્વારા પણ પોતાના ટોચના નેતાઓને પ્રચારમાં ઉતારવામાં આવ્યા છે ત્યારે આવતીકાલે વડાપ્રધાન નરેન્દ્ર મોદી પૂર્વ દિલ્હીના કડકડુમ્મા વિસ્તારમાં જાહેર સભાને સંબોધશે. મોદીની આ જાહેરસભા માટે ૮૦ટ૨૪ ફૂટના મંચ



બનાવાયો છે. વડાપ્રધાનની રેલીને સફળ બનાવવા માટે પૂર્વ અને ઉત્તર દિલ્હી લોકસભા અંતર્ગત આવતી ૨૦ વિધાનસભા બેઠકોના ભાજપના કાર્યકર્તાઓ દિવસ રાત એક કરી રહ્યા છે. આ રેલીની સરખામણી યમુનાપાર કોંગ્રેસના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ રાહુલ ગાંધીએ યોજેલ સફળ રેલી સાથે થાય તે માટે ભાજપ એડીચોટીનું જોર લગાવી રહી છે. મેદાનમાં લોકોને બેસવા માટે ખુરશીઓની વ્યવસ્થા પણ કરવામાં આવી છે. તેમજ લોકો શાંતિથી વડાપ્રધાનને સાંભળી શકે તે માટે મેદાનમાં એલઈડી સ્ક્રિન પણ લગાવાઈ છે. નરેન્દ્ર મોદી આવતીકાલે બપોર બાદ અહીં રેલીને સંબોધિત કરશે. જોકે, તેમના મેદાનમાં પહોંચવાના રૂટ અંગે હજુ સુધી કોઈ માહિતી આપવામાં આવી નથી. નરેન્દ્ર મોદીની સુરક્ષા માટે એસપીજી અને પોલીસને તૈનાત કરવામાં આવી છે. મોદી રોડ અથવા હેલિકોપ્ટર મારફતે મેદાનમાં પહોંચી શકે તેવી શક્યતાના પગલે બન્ને વિકલ્પોને ખુલ્લા મુકાયા છે. ભાજપનો દાવો છે કે, રેલીમાં ૫૦ હજારથી વધુ લોકો ઉમટી પડશે. આ માટે એક હજાર ગાડી પાર્કિંગ થાય તેવી વ્યવસ્થા કરવામાં આવી છે. આ માટે વિવેક વિહાર વિસ્તારમાં રોડ પર પાર્કિંગ સ્ટેન્ડ બનાવાયા છે. આ રેલીને ધ્યાનમાં લઈ મુખ્ય રસ્તાઓ ઉપર ડાયવર્ઝન અપાયું છે. જેના કારણે આવતીકાલે બપોરે એક વાગ્યાથી લઈ રેલી પુરી ન થાય ત્યાં સુધી દિલ્હીમાં ટ્રાફિકજામની સ્થિતિ સર્જાય તેવી શક્યતા છે.

## બીએસએફ દ્વારા ઘુસણખોરીના ષડયંત્રને નિષ્ફળ બનાવાયું

જમ્મુ, તા.૩૦

જમ્મુ-કાશ્મીરના અરનિયા અને આરએસપુરા સેક્ટરમાં ગુરુવાર રાત્રિએ સુરક્ષા દળોએ ઘુસણખોરીના પ્રયત્નને નિષ્ફળ બનાવી દીધું હતું. મળતી માહિતી મુજબ, લશ્કર-એ-તોયબાના આઠ જેટલા આતંકવાદીઓ ઘુસણખોરીનો પ્રયત્ન કરી રહ્યા હતા. જોકે, તેને નિષ્ફળ બનાવી દેવાતા પાકિસ્તાન રેંજર્સ દ્વારા સરહદ ઉપર ફાયરીંગ શરૂ કરી દેવામાં આવ્યું હતું. બીએસએફના વરિષ્ઠ અધિકારી દેવેન્દ્રકુમાર પાઠકે જણાવ્યું હતું કે, અમને જે ઈનપુટ મળ્યા હતા તે મુજબ ઘુસણખોરીનો પ્રયત્ન કરી રહેલ આતંકવાદીઓ લશ્કર-એ-તોયબાના હતા અને તેઓ ધુમ્મસનો ફાયદો ઉઠાવી ઘુસણખોરીનો પ્રયત્ન કરી રહ્યા હતા. વરિષ્ઠ અધિકારીએ વધુમાં જણાવ્યું હતું કે, બીએસએફનું ધ્યાન અન્ય તરફ આકર્ષવા માટે પાકિસ્તાની રેંજર્સોએ ફાયરીંગ શરૂ કરી દીધું હતું. આ ફાયરીંગમાં પાકિસ્તાન રેંજર્સે નાના હથિયારોનો ઉપયોગ કર્યો હતો. ઉલ્લેખનીય છે કે, ગત મોડી રાત્રે પાકિસ્તાને ફરીથી સિઝફાયરનું ઉલ્લંઘન કર્યું છે. પાકિસ્તાની રેન્જર્સે જમ્મુ કાશ્મીરના અરણિયા અને આરએસપુરામાં બીએસએફની ચોકી ઉપર ગોળીબાર કર્યોહતો. પાકિસ્તાની રેન્જર્સ તરપથી મોર્ટારનો પણ મારો કરવામાં આવ્યો હતો. મોર્ટાર રહેણાંક વિસ્તારમાં પડ્યા હતા. આ હુમલામાં ત્રણ લોકો ઘાયલ થયા હોવાની માહિતી પ્રાપ્ત થઈ છે. બીએસએફના જણાવ્યા પ્રમાણે પાકિસ્તાની રેન્જર્સ દ્વારા જમ્મુ કાશ્મીરના આરએસપુરા અને અરણિયા ક્ષેત્રમાં ભારે ગોળીબાર કરવામાં આવ્યો હતો. અરણિયા કસબા અને આઈબીથી નજીકના ત્રણ ગામને નિશાન બનાવવામાં આવ્યા હતા. પાકિસ્તાનની રેન્જર્સે કરેલા હુમલાની સામે ભારતીય સેનાએ પણ વળતો જવાબ આપ્યો હતો.



રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીના ૬૭માં નિર્વાણ દિને દેશભરમાં લોકોએ તેમને શ્રધ્ધાંજલિ અર્પણ કરી હતી. ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ નવી દિલ્હીમાં આવેલ મહાત્મા ગાંધીની સમાધિ રાજઘાટ ખાતે પુષ્પાંજલિ અર્પણ કરી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા મહાત્મા ગાંધીને સાચી શ્રધ્ધાંજલિ અર્પવા સ્વચ્છ ભારતની હાકલ કરેલ છે.

## ઓસ્ટ્રેલિયન ઓપન : પેસ- હિંગિસની જોડી ફાઈનલમાં

મેલબોર્ન,તા. ૩૦

ભારતીય ટેનિસ સ્ટાર લિએન્ડર પેસે ઓસ્ટ્રેલિયન ઓપનના મિક્સ ડબલ્સમાં પોતાની સ્વિત્ઝરલેન્ડની જોડીદાર માર્ટીના હિંગીસ સાથે મળીને ફાઈનલમાં પ્રવેશ કરી લીધો છે. જ્યારે બીજી તરફ સાનિયા મિર્ઝા અને તેના બ્રાઝિલીયન જોડીદાર બ્રુનો સોરેસનો સેમીફાઈનલમાં પરાજય થયો છે. સાનિયા અને સોરેસની જોડીનો ફ્રાન્સની ક્રિસ્ટીના અને કેનેડાના ડેનીયલની જોડી સામે સંઘર્ષપૂર્ણ મેચમાં ૩-૬, ૬-૨, ૧૦-૮થી પરાજય થયો હતો. જ્યારે પેસ અને હિંગિસની જોડીએ શાનદાર રમતનુંપ્રદર્શન કરી સેમીફાઈનલ મેચમાં રુગ્વેના પાબ્લો કુએવાસ અને ચીની તાઈપેની સુ વેઈ સીહની જોડીને સીધા સેટમાં ૭-૫, ૬-૪થી હરાવી ફાઈનલમાં સ્થાન મેળવ્યું હતું. હવે ફાઈનલમાં પેસનો મુકાબલો મ્લાદેનોવિચ અને નેસ્ટરની જોડી સામે થશે.આ ટૂર્નામેન્ટમાં સાનિયા મિર્ઝા અને સોરેસની જોડીને પ્રથમ ક્રમ આપવામાં આવ્યો હતો.

## ખાનગી વાહનોને ટોલ ટેક્ષમાંથી મળશે મુક્તિ

નવી દિલ્હી, તા.૩૦

કેન્દ્ર સરકાર દ્વારા ટોલટેક્સના નિયમોમાં ફેરફાર કરવાની હિલચાલ હાથ ધરવામાં આવી રહી છે. કેન્દ્ર સરકાર હવે પેટ્રોલ, સીએનજી અને ઈથેનોલ મિશ્રિત પેટ્રોલથી ચાલતી કાર, મોટરસાઈકલ અને સ્કુટર જેવા ખાનગી વાહનો તેમજ રાજ્ય પરિવહન (એસટી) નિગમની બસોને નેશનલ હાઈવે ઉપર ટોલટેક્સમાંથી મુક્તિ આપવાનું વિચારી રહી છે.

સુત્રોના જણાવ્યા અનુસાર, ટોલટેક્સ વસુલાતમાં ખાનગી વાહનો અને બસોનો હિસ્સો ઘણો ઓછો છે અને ખાનગી વાહનો દ્વારા ટોલ પ્લાઝા પર વધુ અરાજક્તા ઉભી થાય છે. ટોલટેક્સ કલેક્શનમાં ખાનગી વાહનો અને એસટી બસોનું યોગદાન કેવળ ૧૫ ટકા જ છે અને બાકીનો ૮૫ ટકા ટોલ ટેક્સ ટ્રક, ટ્રેલર, ખાનગી અને પ્રવાસી બસો અને કોમર્શિયલ વાહનો તરફથી વસુલાય છે. સરકાર પેટ્રોલ અને ડીઝલ ઉપર રોડ સેસ વધારીને પણ આવકમાં વધારો કરવાનું આયોજન કરી રહી છે. હાલની સ્થિતિ પ્રમાણે ટોલ ટેક્સની વાર્ષિક સરેરાશ આવક રૂપિયા ૧૧૫૦૦ કરોડ છે. જ્યારે આગામી પાંચ વર્ષમાં આ આવક વધીને રૂપિયા ૧૩ હજારથી ૨૦ હજાર થવાની શક્યતા વ્યક્ત કરાઈ રહી છે. આ આવકમાં નાના ખાનગી વાહનો અને સરકારી બસોનો હિસ્સો માત્ર રૂપિયા ૧૭૦૦થી ૨૭૦૦ કરોડ છે. આ ઉપરાંત નવા માર્ગ પરિવહન અને સુરક્ષા કાયદાની જોગવાઈઓ લાગુ પાડવા માટે મોટર વાહનોના વેચાણ ઉપર બે ટકા સેફ્ટી સેસ વધારવાની પણ વિચારણા હાથ ધરાઈ છે.

## ગાંધી નિર્વાણ દિવસે જ ભાજપે અન્નાની હત્યા કરી : કેજરીવાલ

નવી દિલ્હી, તા.૩૦

આમ આદમી પાર્ટીના સંયોજક અરવિંદ કેજરીવાલે ભારતીય જનતા પાર્ટી તરફથી સમાચાર પત્રોમાં આપવામાં આવેલ જાહેરાત સામે વાંધો ઉઠાવ્યો છે. કેજરીવાલે જણાવ્યું છે કે, નાથુરામ ગોડસેએ આજના જ દિવસે રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીની ગોળી મારી હત્યા કરી હતી. ત્યારે ભાજપે પણ આજના જ દિવસે અન્ના હજારેની હત્યા કરી દીધી છે. આમ આદમી પાર્ટી વિરુદ્ધ ચુંટણી પ્રચાર કરવા ભાજપે આપેલ જાહેર ખબરની કેજરીવાલે કડક શબ્દોમાં ટીકા કરી હતી. કેજરીવાલે ટ્વીટ કરીને જણાવ્યું હતું કે, નાથુરામ ગોડસેએ ગાંધીને માર્યા હતા અને ભાજપે અન્નાને માર્યા છે. ઉલ્લેખનીય છે કે, ભારતીય જનતા પાર્ટી દ્વારા શુક્રવારે દિલ્હીના કેટલાક વર્તમાન પત્રોમાં ફુલપેજ જાહેર ખબર આપીને આમ આદમી પાર્ટી તેમજ તેમના રાષ્ટ્રીય સંયોજક અરવિંદ કેજરીવાલની મજાક ઉડાડવામાં આવી છે. આ જાહેર ખબરમાં અન્ના હજારેના ચિત્રનો પણ ઉપયોગ કરાયો છે. જેના પર માળા ચઢાવી દેવામાં આવી છે. કેજરીવાલનો ઈશારો આ જ માળા સામે છે. જે મૃતકના ફોટા પર ચઢાવવામાં આવે છે.

કેજરીવાલે ટ્વીટર પર વધુમાં લખ્યું છે કે, ૩૦ જાન્યુઆરી ૧૯૪૮ના દિવસે નાથુરામ ગોડસેએ ગાંધીજીની હત્યા કરી હતી. ત્યારે ૩૦ જાન્યુઆરી ૨૦૧૫ના દિવસે ભાજપે જાહેર ખબર આપીને અન્નાની હત્યા કરી દીધી છે. શું તમને નથી લાગતું કે, આ હરકત બદલ ભાજપે માફી માંગવી જોઈએ. ભાજપની જાહેર ખબરમાં આમ આદમી પાર્ટીને પતિ અને કોંગ્રેસને પત્નિ તરીકે દર્શાવવામાં આવી છે. તેમજ નીચે લખવામાં આવ્યું છે કે, સત્તા માટે બાળકોના ખોટા સોગંધ પણ હું ખાઈશ અને રાત દિવસ ઈમાનદારીનો ખોટો ઢોલ વગાડીશ.





નવી દિલ્હી ખાતે સ્વચ્છ ભારત અભિયાન અંતર્ગત શહેરી વિકાસ મંત્રી વૈંકેયા નાયડુ, કોમ્યુનિકેશન અને આઈ ટી મંત્રી રવિશંકર પ્રસાદ અને પેયજળ અને સેનિટેશન મંત્રી બિરેન્દ્રસિંહે ખાસ ટપાલ ટિકિટનું વિમોચન કર્યું હતું.

## મોંઘવારીની વચ્ચે લોકોની બચતમાં સતત ઘટાડો થયો

નવી દિલ્હી,તા.૩૦

તીવ્ર મોંઘવારીના પરિણામ સ્વરૂપે સામાન્ય લોકોની બચતમાં ઘટાડો થઈ રહ્યો છે. બચતને વધારવાના તમામ પ્રયાસો કરાઈ રહ્યા હોવા છતાં બચત વધવાના કોઈપણ સંકેત દેખાઈ રહ્યા નથી આવી સ્થિતિમાં સામાન્ય વ્યક્તિની હાલત કફોડી બનેલી છે. મોંઘવારીના પરિણામ સ્વરૂપે સામાન્ય લોકોની બજેટની ગણતરી ઊંધી વાળી દીધી છે જેથી લોકો બચત કરી શકતા નથી. દેશમાં સ્થાનિક બચતદર અથવા તો ડોમેસ્ટીક સેવિંગ રેટ ૨૦૦૮ બાદથી સતત ઘટી રહ્યો છે. આ નાણાંકીય વર્ષમાં સ્થાનિક બચત દરનો આંકડો કુલ જીડીપીની સરખામણીમાં ૩૦ ટકાથી પણ નીચે પહોંચી શકે છે. સેન્ટ્રલ સ્ટેટિસ્ટિકલ ઓર્ગેનાઈઝેશનના નવા આંકડામાં જણાવવામાં આવ્યું છે કે વર્ષ ૨૦૦૮માં સ્થાનિક બચત રેટ જીડીપીની સરખામણીમાં ૩૬.૮ ટકા હતો. ૨૦૧૦માં આ દર ૩૪.૧૦ ટકા થયો છે. ત્યારબાદ તેમાં સતત ઘટાડો થઈ રહ્યો છે. ૨૦૧૪ના આંકડા હજુ સુધી જારી કરાયા નથી પરંતુ બજારની જે પરિસ્થિતિ છે તેને જોતા લાગે છે કે આમા ઘટાડો જારી રહેશે.

## સમાચાર ઝલક

- વડોદરામાં હીટ એન્ડ રનના બનાવમાં કારે ૧૦ને અડફેટે લીધા.
- રાજકોટમાં અંધશ્રદ્ધાના બહાને મુંગા પશુઓના બલિ ચઢાવ્યા.
- ડીસામાં પાક સંગ્રહ માટે વિશાળ ગોડાઉન બનાવ્યા.
- રાજયના નારી સંરક્ષણ ગૃહોની ખરાબ હાલતથી હાઈકોર્ટે સરકાર પાસે વિસ્તૃત અહેવાલ માંગ્યો.
- પોરબંદર નજીક રતનપર ગામના જંગલમાં ભીષણ આગ. રસ્તા પર ટ્રાફિક જામ થયો.
- ઉત્તરપ્રદેશના ઉન્નાવમાં એક જ માસમાં બીજી વખત માનવ કંકાલનો જથ્થો ઝડપાયો. પોલીસ મથકમાંથી કંકાલ મળ્યા.
- કેન્દ્રીય બજેટમાં આવકવેરાની મર્યાદા વધારવાની શકયતા નહિવત.
- મુંબઈના ચોકલીટી અંકલની ધરપકડ. બાળકોને ચોકલેટ આપવાની લાલચમાં જાતીય શોષણ કરતો હતો.
- પાકિસ્તાનના બલુચિસ્તાનમાં ગેસ બળતણની દુર્ઘટનાથી ૧૧નાં મોત.
- ઈજિપ્તમાં શ્રેણી બદ્ધ વિસ્ફોટોથી ૨૬નાં મોત.